300 રૂપિયામાં જ જમીનની વારસાઈ થશે

મિલકતના દસ્તાવેજીકરણ માટે હજારો-લાખો રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ

ગાંધીનગરઃ ગુજરાતના ખેડૂતો અને સામાન્ય પ્રજાજનો માટે સીએમ ભૂપેન્દ્ર પટેલે એક અત્યંત સંવેદનશીલ નિર્ણય લીધો છે. જમીન વારસાઈ અને પરિવારના સભ્યો વચ્ચે મિલકતની વહેંચણીના કિસ્સામાં અત્યાર સુધી જે જંત્રી આધારિત મોટી રકમની સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડતી હતી, તેમાં હવે સરકારે મોટી રાહત આપી છે. હવે આવા વ્યવહારો માત્ર 300ની ટોકન સ્ટેમ્પ ડ્યુટી ભરીને કરી શકાશે.

કોને મળશે આ નિર્ણયનો લાભ?

આ નિર્ણય હેઠળ સીધી લીટીના (માતા-પિતા, સંતાનો) અને જો સીધી લીટીના વારસદાર ન હોય તો આડી લીટીના વારસદારો વચ્ચે થતા નીચે મુજબના વ્યવહારોમાં રાહત મળશે » હક ઉઠાવવા/કમી કરવા : સંયુક્ત કબજેદારો પૈકી કોઈ એક વારસદાર અન્યની તરફેણમાં હક જતો કરે ત્યારે » હયાતીમાં નામ દાખલ કરવા: સીધી કે આડી લીટીના વારસદારોના નામ મિલકતમાં દાખલ કરવાના કિસ્સામાં » મિલકત વહેંચણી: પરિવારના સભ્યો વચ્ચે જમીનની વહેંચણીના લેખ પર હવે માત્ર રૂ.300 સ્ટેમ્પ ડ્યુટી લાગશે

નિર્ણયની દૂરગામી અસરો અને ફાયદા

1. કોર્ટ કેસમાં ઘટાડો : મિલકત વહેંચણી સરળ બનતા પારિવારિક વિવાદો અને વર્ષો સુધી ચાલતા કોર્ટ કેસોમાં મોટો ઘટાડો થશે 2. આર્થિક ભારણ ઘટશે : ખેડૂતોને વારસાઈ મિલકતના દસ્તાવેજીકરણ માટે હજારો-લાખો રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ મળશે 3. પારદર્શક રેકોર્ડ : સ્ટેમ્પ ડ્યુટી ઓછી હોવાથી લોકો હવે વ્યવહારોની સત્તાવાર નોંધણી કરાવશે, જેનાથી જમીનના માલિકી હક (Record of Rights) વધુ સ્પષ્ટ અને પારદર્શક બનશે 4. ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ : જમીન મહેસૂલના વટહુકમો અને પ્રક્રિયા ઝડપી બનતા રાજ્યમાં વહીવટી સરળતા વધશે

રાજ્યના વિવિધ ખેડૂત સંગઠનો અને કિસાન સંઘ દ્વારા જમીન વારસાઈમાં પડતી આર્થિક મુશ્કેલીઓ અંગે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતા મુખ્યમંત્રીએ ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-1958ની કલમ-9 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને આ ઐતિહાસિક રાહત જાહેર કરી છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી જમીન વ્યવહારોમાં રહેલી જટિલતા દૂર થશે અને ગ્રામીણ અર્થતંત્રમાં નવી ઉર્જાનો સંચાર થશે. આ સુધારા બાદ હવે ખેડૂતોને પોતાની જ જમીનમાં હક સ્થાપિત કરવા માટે સરકારી કચેરીઓના ધક્કા કે આર્થિક બોજ સહન કરવો પડશે નહીં.

રવિ સીઝનમાં બાજરી, જુવાર પર રૂ.300નું વિશેષ બોનસ

ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવવી ફરજિયાત

ગાંધીનગરઃ રાજ્યના ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે (MSP) બાજરી, જુવાર અને મકાઈની સીધી ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરાયેલા દર મુજબ ખેડૂતોને બાજરી અને જુવાર પર રાજ્ય સરકાર વધારાનું રૂ. ૩૦૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ પણ આપશે. આ ખરીદી પ્રક્રિયા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ હસ્તક હાથ ધરવામાં આવશે. નોંધણી કરાવેલા ખેડૂતોને તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર SMS દ્વારા ખરીદીની તારીખ અને સમયની જાણ કરવામાં આવશે. ખરીદીના સમયે પણ ખેડૂતે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન આપવાનું રહેશે. જો દસ્તાવેજોમાં કોઈ વિસંગતતા જણાય તો નોંધણી રદ થઈ શકે છે.

ટેકાના ભાવ અને વિશેષ બોનસ

- બાજરી: રૂ.૨,૭૭૫ પ્રતિ ક્વિન્ટલ + રૂ.૩૦૦ બોનસ
- જુવાર (માલદંડી): રૂ.૩,૭૪૯ પ્રતિ ક્વિન્ટલ + રૂ.૩૦૦ બોનસ
- જુવાર (હાઈબ્રીડ): રૂ.૩,૬૯૯ પ્રતિ ક્વિન્ટલ + રૂ.૩૦૦ બોનસ
- મકાઈ: રૂ.૨,૪૦૦ પ્રતિ ક્વિન્ટલ

નોંધણી અને ખરીદીનો સમયગાળો

ઓનલાઇન નોંધણી: તા. ૧ એપ્રિલ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી (ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે)
ખરીદીનો સમય: તા. ૧ મે થી ૧૫ જુલાઇ, ૨૦૨૬ સુધી.

નોંધણી માટે જરૂરી દસ્તાવેજો

૧. આધાર કાર્ડની નકલ
૨. અદ્યતન ગામ નમૂનો ૭/૧૨ અને ૮/અ (પાકની નોંધ ન હોય તો તલાટીનો દાખલો)
૩. બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક
૪. નોંધણી માટે ખેડૂત ખાતેદારનું બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન અનિવાર્ય છે.

ગણોતીયાઓને જમીનની ખરીદ કિંમત ભરવા ડિસેમ્બર સુધીની મુદત

ગાંધીનગરઃ રાજ્યના ખેડૂતો અને ગણોતીયાઓ પ્રત્યે સંવેદના દર્શાવતા સીએમ ભૂપેન્દ્ર પટેલે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ હેઠળ ગણોતીયાઓને જમીનની ખરીદ કિંમત ભરપાઈ કરવા માટેની સમય મર્યાદા હવે 31 ડિસેમ્બર, 2026 સુધી લંબાવવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી હજારો ખેડૂતોને પોતાની જમીનના કાયદેસરના માલિક બનવાની વધુ એક તક મળશે. અજ્ઞાનતાના કારણે રહી ગયેલા ખેડૂતોને મળશે ન્યાય ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, 1948ની કલમ-32 હેઠળ મામલતદાર અને કૃષિ પંચ દ્વારા જમીનની જે ખરીદ કિંમત નક્કી કરવામાં આવે છે, તે ચોક્કસ સમય મર્યાદામાં ભરવાની હોય છે. જોકે, અનેક કિસ્સાઓમાં અજ્ઞાનતા અથવા અન્ય કારણોસર ગણોતીયાઓ આ રકમ ભરી શક્યા ન હતા.

ભાજપે 30 વર્ષમાં ગુજરાત અને આદિવાસીઓને લૂંટી લીધા : આપ

આદિવાસી લોકો માટે કરોડો-અબજો આવે છે, એ પૈસા ક્યાં ગયા?

અમદાવાદ : ગુજરાતને ૩૦ વર્ષમાં ભાજપ સરકારે લૂંટી લીધું છે, પરંતુ તેમાં પણ સૌથી વધુ આદિવાસી લોકોને લૂંટી લીધા છે. સૌથી વધુ આદિવાસી સમાજ પર અત્યાચાર કર્યા છે. તમારા બાળકો મોટા થાય છે પરંતુ તેમના માટે શિક્ષણની વ્યવસ્થા નથી, નોકરી નથી, તો તેઓ ખેતરમાં કામ કરે છે અને તેમણે ખેડૂતોની સ્થિતિ પણ ખૂબ ખરાબ બનાવી દીધી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર આદિવાસી સમાજ માટે અબજો રૂપિયા મોકલે છે, પરંતુ પ્રશ્ન એ છે કે આ પૈસા ક્યાં જાય છે? તો જવાબ એ જ છે કે આ બધા પૈસા ભાજપના લોકોના ખિસ્સામાં જાય છે. તેવો આક્ષેપ દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે આપની યોજાયેલી 'વિજય વિશ્વાસ સભા'માં આપના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કર્યો હતો.

અરવિંદ કેજરીવાલે વધુમાં કહ્યું હતુ કે મનરેગામાં કામ કરતા ગરીબોના પૈસા પણ આ લોકોએ ખાઈ લીધા. અને જ્યારે અમારા ધારાસભ્ય ચૈતર વસાવાએ તેના વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો તો તેમને જેલમાં નાખી દીધા. જેણે ચોરી કરી તે મંત્રીને જેલમાં નાખ્યો નહીં કારણ કે તે ઉપર સુધી પૈસા પહોંચાડે છે. સરકારી યોજનાઓ માટે આવતાં કરોડો રૂપિયા લોકો સુધી પહોંચતા નથી અને ભ્રષ્ટાચારના ભોગ બને છે. પંજાબના ઉદાહરણ આપતાં તેમણે મફત વીજળી, ઝડપી પાક ચુકવણી, આરોગ્ય ઈન્શ્યોરન્સ અને ગુણવત્તાસભર શિક્ષણ જેવી યોજનાઓ ગુજરાતમાં પણ અમલમાં મૂકવાનો દાવો કર્યો. સાથે જ મતદાતાઓને એક વખત આમ આદમી પાર્ટીને તક આપવાની અપીલ કરી.

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ કરાવવા શું પાકિસ્તાન મધ્યસ્થી કરી રહ્યું છે?

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતને વિશ્વગુરુ બનાવવા મહેનત કરી રહ્યા છે, પણ વર્તમાન ઈરાન યુદ્ધમાં ભારતે લીધેલા અમેરિકાતરફી વલણને કારણે ભારત જગતના ચોકમાં એકલું પડી ગયું છે અને ભારતનો કોઈ ભાવ પણ પૂછતું નથી. બીજી બાજુ ભારતના પડોશી દેશ પાકિસ્તાનની લોકો ઠેકડી ઉડાડતા હતા, પણ તેના ભાવ રાજનીતિની બાબતમાં અચાનક ઊંચકાઈ ગયા છે. યુદ્ધવિરામ માટે ઈરાન અને અમેરિકા વચ્ચે કોઈ વાટાઘાટો થાય તેવી સંભાવના બહુ પાંખી છે, પણ જો વાટાઘાટો થશે તો પાકિસ્તાન તેમાં મધ્યસ્થી કરશે, તેવા નિર્દેશો મળી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને વાટાઘાટો શરૂ કરવા પાંચ દિવસનો સમય આપ્યો હતો, તે પાંચ દિવસની મુદ્દત શુક્રવારે પૂરી થઈ છે, પણ ઈરાન તરફથી કોઈ ઉત્સુકતા બતાડવામાં આવી નથી. દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેઓ ઈરાનમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા કોઈ નેતા સાથે ખાનગીમાં વાતચીત કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ નેતાનું નામ આપવાનો ઇનકાર કર્યો છે, પણ તેઓ પાકિસ્તાનની મધ્યસ્થી સાથે પાછલા દરવાજે વાટાઘાટો કરી રહ્યા હોવાનું જણાય છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે મંત્રણા માટે પાકિસ્તાનનું નામ સંભવિત યજમાન તરીકે ઉભરી આવ્યું છે, ત્યારથી ભારતની વિપક્ષી પાર્ટીઓએ મોદી સરકારની વિદેશ નીતિ પર પ્રશ્નો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. વિપક્ષે આને સરકારની રાજદ્વારી હાર ગણાવી છે. કોંગ્રેસ સહિત ઘણા વિરોધ પક્ષો કહે છે કે ભારત તકનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યું અને પાકિસ્તાને આ મામલે આગેવાની લીધી છે. જોકે, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા કેટલાક દિવસોથી ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે સતત સંપર્કમાં છે અને વિદેશ પ્રધાન એસ. જયશંકર પણ ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીના સંપર્કમાં છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ૨૪ માર્ચે નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો, પરંતુ કેટલાક નિષ્ણાતો પીસ ટોકમાં પાકિસ્તાનના નામના ઉલ્લેખને ભારત માટે ફટકો માની રહ્યા છે. આ બાબતમાં બંધબારણે જરૂર કાંઈક રંધાઈ રહ્યું છે. છેલ્લા ૭૨ કલાકમાં પાકિસ્તાની નેતાઓએ ઈરાન અને અમેરિકાના રાષ્ટ્રપતિઓ સાથે ફોન પર વાત કરી છે. વ્હાઇટ હાઉસે પુષ્ટિ આપી હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીર વચ્ચે વાતચીત થઈ હતી. બીજી તરફ, વડા પ્રધાન શાહબાઝ શરીફે પણ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે ફોન પર વાત કરી હતી અને વાતચીત અને રાજદ્વારી પ્રયાસો દ્વારા તણાવ ઘટાડવા પર ભાર મૂક્યો. વિશ્લેષકો કહે છે કે પાકિસ્તાનના અમેરિકા અને ઈરાન બંને સાથે ગાઢ સંબંધો છે અને આના કારણે પાકિસ્તાન મજબૂત મધ્યસ્થી બની ગયું છે. ઈરાનમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ રાજદૂત આસિફ દુર્રાની આ મત સાથે સંમત છે. તેમનું કહેવું છે કે ઈરાન અને અમેરિકા બંને પાકિસ્તાન પર વિશ્વાસ કરે છે. આ પ્રદેશના બીજા કયા દેશના ઈરાન સાથે સારા સંબંધો છે? ઈરાનના ગલ્ફ દેશો સાથેના સંબંધો તણાવપૂર્ણ છે. આવી સ્થિતિમાં, ફક્ત પાકિસ્તાન જ વધુ સારો મધ્યસ્થી બની શકે છે. ભારત આ વાટાઘાટોમાં નિષ્પક્ષ મધ્યસ્થી તરીકે કામ કરી શકે નહીં, કારણ કે ઈરાન પર હુમલાના બે દિવસ પહેલાં જ મોદી ઇઝરાયલમાં હતા.

ઈરાનનાં નિવેદનો સ્પષ્ટપણે દર્શાવે છે કે તેને અમેરિકા પ્રત્યેનો અવિશ્વાસ છે, કારણ કે ગયાં વર્ષે જૂન અને ડિસેમ્બરમાં કતાર અને ઓમાનની મધ્યસ્થી હેઠળ ઈરાન સાથે વાટાઘાટો થઈ હતી, પરંતુ બંને વખત ઈરાન પર હુમલાઓને કારણે વાટાઘાટો અટકી ગઈ હતી. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું પાકિસ્તાન આ વાતચીતને કોઈ અંતિમ નિષ્કર્ષ પર લઈ જઈ શકશે?

પ્રોફેસર મોહમ્મદ શોએબ કહે છે કે પાકિસ્તાન આ પ્રક્રિયા કે કોઈપણ કરારની ગેરંટી આપશે નહીં, પરંતુ મધ્યસ્થી તરીકે પક્ષકારો વચ્ચે સંપર્ક વધારશે અને ખાતરી કરશે કે બંને દેશો તેમનાં વચનોનું પાલન કરે. એટલે કે, કોઈપણ ઉલ્લંઘનની સ્થિતિમાં પણ તે મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે. ભૂતપૂર્વ પાકિસ્તાની રાજદ્વારી આસિફ દુર્રાની પણ માને છે કે પાકિસ્તાન કંઈપણ ગેરંટી આપી શકતું નથી. તેના બદલે તે ઈરાન અને અમેરિકાને તેની ધરતી પર વાતચીત દ્વારા વિવાદનો ઉકેલ લાવવાની તક આપી રહ્યું છે. પ્રશ્ન એ પણ ઊભો થાય છે કે મધ્યસ્થી તરીકે પાકિસ્તાન શું પ્રાપ્ત કરવા માંગે છે. વિશ્લેષકો માને છે કે પાડોશી દેશ હોવાને કારણે પાકિસ્તાન પણ ઈરાનમાં યુદ્ધથી પ્રભાવિત થઈ રહ્યું છે અને તણાવમાં ઘટાડો તેને આર્થિક રાહત આપી શકે છે. પાકિસ્તાનના ખાડી દેશો સાથે પણ સારા સંબંધો છે અને સાઉદી અરેબિયા સાથે સંરક્ષણ કરાર છે. આ યુદ્ધની શરૂઆતથી ઈરાને અનેક ખાડી દેશોમાં અમેરિકન લશ્કરી થાણાંઓને નિશાન બનાવ્યા છે. તણાવ ઓછો થવાના કિસ્સામાં અખાતના દેશોની અર્થવ્યવસ્થાઓ પર દબાણ પણ ઘટશે, જ્યાંથી પાકિસ્તાન મહત્તમ વિદેશી હૂંડિયામણ મેળવે છે.

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે મંગળવારે સાંજે X પર પોસ્ટ કર્યું હતું કે પાકિસ્તાન મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને વાતચીત દ્વારા સમાપ્ત કરવાના ચાલી રહેલા પ્રયાસોને સંપૂર્ણ સમર્થન આપે છે, જેથી આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સ્થાપિત થઈ શકે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ શાહબાઝ શરીફના આ નિવેદનને ટ્રુથ સોશિયલ પર શેર કર્યું હતું, જેના પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કદાચ અમેરિકા પણ પાકિસ્તાનની મધ્યસ્થી હેઠળ વાતચીત માટે તૈયાર છે. દરમિયાન, મલેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહિમે પણ પાકિસ્તાનની પ્રશંસા કરી અને કહ્યું કે અમે અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીતનું આયોજન કરવાની પાકિસ્તાનની પહેલની પ્રશંસા કરીએ છીએ. ભારતની રાજદ્વારી ક્ષમતા અંગે વધી રહેલા પ્રશ્નો વચ્ચે લોકસભામાં બોલતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારના રોજ કહ્યું કે આ મુદ્દા પર ભારતનું વલણ ખૂબ જ સ્પષ્ટ છે. અમે શરૂઆતથી જ આ સંઘર્ષ પર અમારી ચિંતા વ્યક્ત કરી છે. મેં પશ્ચિમ એશિયાના તમામ નેતાઓ સાથે વાત કરી અને દરેકને તણાવ ઓછો કરવા અપીલ કરી છે. અમે નાગરિકો અને પરિવહન અને ઉર્જા ક્ષેત્રો પર હુમલાઓનો વિરોધ કર્યો છે. વડા પ્રધાને મંગળવારે માહિતી આપી હતી કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને ફોન કર્યો હતો અને બંનેએ ગલ્ફમાં ચાલી રહેલા તણાવ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે મોદીને ફોન કર્યો હતો તે હકીકત છે, પણ તેનાથી ભારતે બહુ હરખાઈ જવાની જરૂર નથી. ચાલાક ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથેના યુદ્ધમાં જ્યાં જરૂર જણાય ત્યાં મોદીનો ઉપયોગ કરી રહ્યા છે.

દરમિયાન, મોદી સરકારે ઈરાન યુદ્ધથી ઉભી થયેલી પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે ૨૫ માર્ચે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી, જેમાં વિપક્ષે સરકાર પાસે પોતાનું વલણ સ્પષ્ટ કરવાની માંગણી કરી હતી. પાકિસ્તાન દ્વારા શાંતિ મંત્રણાના સંભવિત આયોજનનો ઉલ્લેખ કરતા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે દેશની વિદેશ નીતિ સાથે ચેડાં કરવામાં આવ્યાં છે. મોદી ફક્ત તે જ કરે છે, જે અમેરિકા અને ઇઝરાયલ તેમની પાસેથી કરાવવા માંગે છે. મોદી ક્યારેય ભારતના હિતમાં નિર્ણયો લઈ શકતા નથી. ઈરાન યુદ્ધની શરૂઆતથી જ મોદી સરકારની વિદેશ નીતિનો બચાવ કરી રહેલા કોંગ્રેસના સાંસદ શશી થરૂરે પણ આ વખતે સરકાર પર નિશાન સાધ્યું કે જો પાકિસ્તાનમાં શાંતિ મંત્રણા થાય છે, તો ભારતને તેની સાથે શું લેવાદેવા છે? હું ત્રણ અઠવાડિયાંથી કહી રહ્યો છું કે ભારતે અમેરિકા અને ઈરાન સાથેના તેના સારા સંબંધોનો લાભ લેવો જોઈએ અને આ મામલે અગ્રણી વલણ અપનાવવું જોઈએ, પરંતુ પાકિસ્તાને તે કર્યું છે. આપણે બધા શાંતિ ઇચ્છીએ છીએ, પરંતુ ભારતને કોઈ શ્રેય મળશે નહીં, જ્યારે પાકિસ્તાન બધો શ્રેય લઈ જશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે મંત્રણા માટે પાકિસ્તાનનું નામ યજમાન તરીકે ઉભરી આવ્યું છે, ત્યારથી વિપક્ષી પાર્ટીઓએ મોદી સરકારની વિદેશ નીતિ પર પ્રશ્નો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે

BUSINESS મિત્ર

ઈરાન-અમેરિકા તણાવ અને ક્રૂડના ઉછાળા વચ્ચે રોકાણકારોના ૯ લાખ કરોડ સ્વાહા

શેરબજારમાં 'બ્લેક ફ્રાઈડે': સેન્સેક્સમાં ૧૭૦૦ પોઈન્ટનો પ્રચંડ કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 26: અમેરિકાના પ્રસ્તાવને ઈરાને ફગાવી દેતા પરિસ્થિતિ વધુ કથળશે તેવી રોકાણકારોની દહેશત વચ્ચે વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજાર ડહોળાયું હતું અને સેન્સેક્સ 1700 પોઈન્ટ જેટલો તૂટ્યો હતો. આમ છતાં, અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટને 10 દિવસ સુધી કોઈ કાર્યવાહી નહીં કરવાની અમેરિકાએ જાહેરાત કરી છે. જેની પણ બજારમાં કોઈ પોઝિટિવ અસર જોવા મળી નહતી.

ભારતીય શેરબજારમાં આજે બ્લેક ફ્રાઈડે જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1700 પોઈન્ટ તૂટયો હતો, જ્યારે નિફ્ટી 22850 પોઈન્ટની નીચે સરકી જવા પામી હતી. બ્રોડર માર્કેટમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. આ વચ્ચે અમેરિકાની 10 દિવસ સુધી સૈન્ય કાર્યવાહીને રોકવાની જાહેરાત, ભારત સરકાર દ્વારા પેટ્રોલ-ડિઝલ પરની એકસાઇઝ ડયુટી ઘટાડવાની જાહેરાતની પણ કોઈ અસર જોવા મળી નહતી. આજે શેરબજારના કડાકાના પગલે રોકાણકારોને રૂ. 9 લાખ કરોડ રૂપિયાનું નુકશાન થયું હતું.

વૈશ્વિક નબળા સંકેતો અને ક્રુડના ભાવ હજુય ઉછળી જશે તેવી દહેશત વચ્ચે ડોલર વધુને વધુ મજબૂત થયો હતો, જે 95ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે રૂપિયો નબળો પડીને ઐતિહાસિક નીચી સપાટી 94.85ના સ્તરે પહોંચી ગયો હતો. હોર્મુઝ સ્ટ્રેટના ફરીથી ખોલવા અંગે સ્પષ્ટતાના અભાવને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેત રહ્યું હતુ.

બીએસઈ સેન્સેક્સ 1690.23 પોઈન્ટ એટલે કે 2.25 ટકા તૂટીને 73583.22 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74904 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73543 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 486.85 પોઈન્ટ એટલે કે 2.09 ટકા તૂટીને 22850 પોઈન્ટની નીચે 22819.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23186 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22804 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1433.50 પોઈન્ટ એટલે કે 2.67 ટકા તૂટીને 52274.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝમાં 68.87 ગણા, એચઈજી લિ.માં 21.34 ગણા, હિન્દાલ્કો ઈન્ડ. 16.99 ગણા, જિન્દાલ સ્ટીલમાં 11.64 ગણા, ગ્રેફાઈટ ઈન્ડિયામાં 7.76 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે બ્રિગ્રેડ એન્ટરમાં 73.38 ગણા, એચઈજી લિ.માં 47.12 ગણા, ગ્રેફાઈટ ઈન્ડિયામાં 18.6 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડમાં 5.72 ગણા અને ત્રિવેણી ટર્બાઈનમાં 5.56 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ ખરાબ પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.18 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.82 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 831 શેરો ઘટ્યા હતા, જ્યારે 3534 શેરો ઘટયા હતા અને 146 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે મીડલ ઈસ્ટની શાંતિ વાટાઘાટોની સ્થિતિ પરના મિશ્ર સંદેશાઓ રહ્યા છે, જેથી રોકાણકારો દ્વિધામાં રહેતા યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે, જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. ટ્રમ્પે ઈરાન પરની ચઢાઈ વધુ 10 દિવસ સુધી મુલતવી રાખવાની જાહેરાતની પણ વૈશ્વિક બજારો ઉપર કોઈ અસર પડી નહતી.

આ દરમ્યાન જાન્યુઆરી-ફેબ્રુઆરીના સમયગાળામાં ચીનનો ઔદ્યોગિક નફો એક વર્ષ અગાઉની તુલનામાં 15.2 ટકા વધ્યો છે. જે ડિસેમ્બરમાં 5.3 ટકાના ઉછાળાથી જબરજસ્ત ઉછાળો દર્શાવે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.68 ટકા, કેક 0.99 ટકા અને ડેક્સ 1.46 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.39 ટકા, તાઈવાન 0.68 ટકા, કોસ્પી 0.40 ટકા અને જકાર્તા 0.94 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.21 ટકા, હેંગસેંગ 0.35 ટકા અને શાંઘાઈ 0.63 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો વધુ નબળો પડયો, 95ની નજીક

ફોરેક્સ બજાર	
ડોલર	94.81 ઘ.
યુરો	108.97 ઘ.
પાઉન્ડ	126.41 ઘ.
યેન	0.5929 ઘ.

કરન્સી બજારમાં ડોલર વધુને વધુ મજબૂત થતો જોવા મળી રહ્યો છે. આજે રૂપિયો નબળો પડીને નવા ઐતિહાસિક તળિયે પહોંચ્યો હતો અને 95ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે ઇન્ટ્રાડેમાં રૂપિયો તૂટીને 94.85ના સ્તરે પહોંચી ગયો હતો. જે છેલ્લે 83 પૈસા નબળો પડીને 94.81ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.98ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108ક.97, પાઉન્ડ 126.41, કેનેડિયન ડોલર 68.70, ઓસ્ટ્રેલિયન ડોલર 65.41, જાપાનીઝ યેન 0.5929, અને સીંગાપોર ડોલર 73.49ના સ્તરે બંધ રહ્યો હતો.

સેન્સેક્સ	-1690.23	73583.22
નિફ્ટી	-486.85	22819.60
બેન્ક નિફ્ટી	-1433.50	52274.60

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	4.35	281.95
વિપ્રો	1.35	191.60
ટીસીએસ	0.52	2389.80
ભારતી એરટેલ	0.49	1843.90
કોલ ઇન્ડિયા	0.30	445.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇ.	5.46	903.80
ટીએમપીવી	4.64	303.20
રિલાયન્સ ઇન્ડ.	4.60	1348.10
ઇન્ટરગ્લોબ એવીએશન	4.55	4099.50
બજાજ ફાઇનાન્સ	4.41	843.80

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	0.49	2389.85
ભારતી એરટેલ	0.37	1842.15
પાવરગ્રીડ	0.10	295.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
રિલાયન્સ ઇન્ડ.	4.55	1348.25
ઇન્ટરગ્લોબ	4.54	4099.70
બજાજ ફાઇનાન્સ	4.32	844.35
એસબીઆઇ	3.82	1020.05
ઇટર્નલ	3.76	233.10

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂ.**	૭૫/૩૬ ''	૧૩૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૯	૫૦/૩૬ ''	૧૪૬	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૦
૩૦/૩૬ એફડી	૨૭૬	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૬	૩૦/૧૪ ક્રિમ્પ	૧૮